જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૬/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૫૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૧૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૬ બીયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩,૭૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૫૭/૨૦૨૬**

મણીનગરઃ ઘનંજયભાઇ સ/ઓ મનુભાઇ પટેલ (ઉ.વ.૪૫)(રહે. સુરસાગર એપાર્ટમેંટ, જૈન દેરાસર પાછળ, મણીનગર) એ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ અજાણી વ્યક્તિએ ઘનંજયભાઇ પટેલનો મોબાઇલ ફોન હેક કરી, તેમના મણીનગર બાન્ચના બેંક ઓફ ઇન્ડીયાના ખાતામાંથી યુ.પી.આઇ. ટ્રાંજેકશનથી કુલ રૂપિયા ૯૧,૦૦૦/– ઉપાડી લઇ ઘનંજયભાઇ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૮૫૮/૨૦૨૬**

ખોખરાઃ ગીતાબહેન વા/ઓ પ્રભુભાઇ મુદલીયાર(ઉ.વ.૩૫)(રહે.ગુ.હા.બોર્ડ, સર્વોદય ગેટ નંબર–૫ પાસે, ખોખરા) એ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૬/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી તા.૧૪/૦૬/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯,૮૦,૫૦૦/–ચોરી કરી લઇ ગઇ હતી.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એસ.એ.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૮૫૯/૨૦૨૬**

ઘાટલોડીયાઃ રવિનાબહેન મહેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ.૨૦)(રહે. પ્રતિક્ષા એપાર્ટમેન્ટ સોલા રોડ, નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૬ બપોરના ૧/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

ઓઢવઃ સજજનભાઇ સ/ઓ જ્ઞાનદાસ પ્રજાપતિ (ઉ.વ.૨૨)(રહે, ગ્રિન ફોરેસ્ટ બંગ્લોઝ દેવસ્ય સ્કુલ રોડ માધવ ફાર્મ પાસે સિંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.નકુમ ચલાવે છે.

શહેરકોટડાઃ રોહીતભાઈ કાંતીભાઈ પટણી (ઉ.વ.૨૩)(રહે.આર્યોદય સ્પિનીંગ મિલની ચાલી, અમદુપુરા, શહેરકોટડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને બાપુનગર કાકડીયા હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ ગગજીભાઈ ચલાવે છે.

સરખેજઃ હસમુખભાઇ કજોડભાઇ શર્મા (ઉ.વ.૪૯)(રહે. ઇન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ પ્રધાનમંત્રી આવાસ યોજના મકરબા સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૬ ના કલાક ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે બારીની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી